# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 29-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ લોકોને પર્યાવરણ પ્રત્યે સાવચેત અને સંવેદનશીલ જીવનશૈલી અપનાવવા પર ભાર મૂક્યો.

2) મ્યાનમાર-થાઈલૅન્ડમાં આવેલા ધરતીકંપમાં અત્યાર સુધીમાં મૃત્યુઆંક એક હજારને પાર પહોંચ્યો.

3) છત્તીસગઢમાં થયેલી અથડામણમાં 16 નક્સલવાદી ઠાર.

4) ઇસરોએ પોતાના 300 મિલી ન્યૂટન સ્ટેશનરી પ્લાઝમા થ્રસ્ટર પર એક હજાર કલાકનું જીવન પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કરવાની જાહેરાત કરી.

5) અમદાવાદમાં આજે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે IPLનો મુકાબલો.

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# DAY PRESIDENT NGT CONFERENCE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું, આવનારી પેઢીઓ માટે આપણે સ્વચ્છ પર્યાવરણનો વારસો પૂરો પાડવાની આપણી નૈતિક જવાબદારી છે. આ માટે આપણે પર્યાવરણ પ્રત્યે સાવચેત અને સંવેદનશીલ જીવનશૈલી અપનાવવી પડશે. નવી દિલ્હીમાં આજે રાષ્ટ્રીય પર્યાવરણ સંમેલન 2025નું ઉદ્ઘાટન કરતાં સુશ્રી મુર્મૂએ આ મુજબ જણાવ્યું.

સુશ્રી મુર્મૂએ કહ્યું, આપણે સૌએ વર્ષ 2047 સુધી ભારતને એક એવો વિકસિત દેશ બનાવવાનો છે, જ્યાં હવા, પાણી, હરિયાળી અને આનંદ સમગ્ર વિશ્વ સમુદાયને આકર્ષિત કરે.

(બાઈટઃ દ્રૌપદી મુર્મૂ, રાષ્ટ્રપતિ)

બે દિવસના આ સંમેલનનો ઉદ્દેશ પર્યાવરણ નિષ્ણાતો, નીતિનિર્માતાઓ અને પર્યાવરણ કાર્યકર્તાઓને એક મંચ પર લાવીને મહત્વના પર્યાવરણીય મુદ્દાઓ પર ચર્ચા કરવાનો તેમજ કાર્યવાહીનું યોગ્ય નિરાકરણ શોધવાનું છે.

. . . . . . . . . . . . . . .

# MYANMAR THAILAND QUAKE TOLL

મ્યાનમાર અને થાઈલેન્ડમાં ગઇકાલે આવેલા 7.7 ની તીવ્રતાના ધરતીકંપમાં મૃત્યુઆંક વધીને એક હજારને પાર પહોંચ્યો છે. મ્યાનમાર સરકારનાં જણાવ્યા મુજબ, એક હજાર 2 લોકો મૃત હાલતમાં મળી આવ્યા છે અને 2 હજાર થી વધુ લોકો ઇજાગ્રસ્ત થયા છે, જ્યારે 30 અન્ય ગુમ થયાનાં અહેવાલ છે. જ્યારે થાઇલેન્ડના પાટનગર બેંગકોકમાં, છ લોકો મૃત હાલતમાં મળી આવ્યા હતા. 26 ઇજાગ્રસ્ત થયા છે અને 47 ગુમ છે.

દરમિયાન અહી વિશ્વભરના અનેક દેશ સહાય મોકલી રહ્યા છે. ભારતે તપાસ અને બચાવ ટીમ, તબીબી ટીમ અને વધારાની સહાય મોકલી છે. રશિયાના કટોકટી મંત્રાલયે 120 બચાવકર્તાઓ અને પુરવઠા સાથે બે વિમાન રવાના કર્યા છે. ચીનની 37 સભ્યોની એક ટીમ યાંગોન શહેરમાં પહોંચી છે. જ્યારે મલેશિયા આવતીકાલે ૫૦ લોકોને ભૂકંપ ડિટેક્ટર, ડ્રોન અને અન્ય પુરવઠા સાથે મોકલશે. સંયુક્ત રાષ્ટ્રએ રાહત પ્રયાસો શરૂ કરવા ૫૦ મિલિયન ડોલર પણ ફાળવ્યા છે.

# REV. DAY INDIAN AID-MYANMAR

ભારત-મ્યાનમારમાં હવાઈ દળના વધુ બે વિમાનો દ્વારા રાહત સામગ્રી મોકલશે. રાહત કાર્ય ઓપરેશન બ્રહ્માના ભાગ રૂપે ભારતીય વિમાનો ટૂંક સમયમાં હિંડોન એરફોર્સ સ્ટેશનથી રવાના થશે તેમ વિદેશ મંત્રાલયે જણાવ્યું છે. દરમિયાન ભારતીય વાયુસેનાનું C-130J વિમાન, 15 ટન તાત્કાલિક માનવતાવાદી સહાયનો પ્રથમ જથ્થો લઈને આજે સવારે યાંગોનમાં ઉતરી ગયું છે. રાહત પેકેજમાં તંબુ, ધાબળા, સ્લીપિંગ બેગ, ફૂડ પેકેટ, સ્વચ્છતા કીટ, જનરેટર અને રસોડાના સેટનો સમાવેશ થાય છે. વધુમાં, આપત્તિથી પ્રભાવિત લોકોને મદદ કરવા માટે પેરાસિટામોલ, એન્ટિબાયોટિક્સ, સિરીંજ, મોજા અને પાટો જેવા મહત્વપૂર્ણ તબીબી પુરવઠો મોકલવામાં આવી રહ્યો છે. સોશિયલ મીડિયા સંદેશમાં, વિદેશ મંત્રી ડૉ. જયશંકરે જણાવ્યું હતું કે આ સાથે શોધ અને બચાવ ટીમ અને તબીબી ટીમ પણ હતી. દરમિયાન, મ્યાનમાર ખાતેનું ભારતીય દૂતાવાસ ભારત તરફથી સહાય અને રાહત પુરવઠો ઝડપથી મળે તે માટે મ્યાનમારના અધિકારીઓ સાથે સંકલન કરી રહ્યું છે. દૂતાવાસ મ્યાનમારમાં ભારતીય સમુદાય સાથે પણ સતત સંપર્કમાં છે.

. . . . . . . . . . . . . . .

# AFGHANISTAN EARTHQUAKE

અફઘાનિસ્તાનમાં આજે સવારે 5 વાગીને 16 મિનિટે ધરતીકંપના આંચકાઓ અનુભવાયા હતા. રેક્ટર સ્કેલ ધરતીકંપની તીવ્રતા 4.7 હોવાનું જણાયું હતું. સદનસીબે કોઈ નુકસાન કે જાનહાનિના અહેવાલ નથી.

. . . . . . . . . . . . . . . .

# CHATTISGAH MAOISTS KILLED

છત્તીસગઢના સુકમા જિલ્લામાં આજે થયેલી અથડામણમાં 16 નક્સલવાદી ઠાર મરાયા છે. અથડામણમાં જિલ્લા અનામત દળ- DRGના બે જવાન ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. કેરલાપાલ ક્ષેત્રમાં માઓવાદીઓ હોવાની માહિતી મળતાં કેન્દ્રીય અનામત પોલીસ દળ અને DRGના સંયુક્ત દળે અભિયાન હાથ ધર્યું. મળતી માહિતી મુજબ, સવારથી જ સુરક્ષા દળો અને માઓવાદીઓ વચ્ચે ગોળીબારી ચાલી રહી છે.

અથડામણ સ્થળ પરથી અત્યાર સુધી 16 નક્સલવાદીઓના મૃતદેહ કબજે કરાયા છે. આ સાથે જ એકે 47, રૉકેટ લૉન્ચર, રાઈફલો સહિત મોટી સંખ્યામાં હથિયાર અને દારૂગોળા કબજે કરાયા છે. તપાસ અભિયાન હજી ચાલી રહ્યું છે.

બીજી તરફ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પર એક સંદેશમાં કહ્યું, નક્સલવાદ સામે વધુ એક કાર્યવાહીમાં હથિયારોનો મોટો જથ્થો કબજે કરાયો છે. તેમણે એ વાત પર પ્રકાશ પાડ્યો કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર 31 માર્ચ 2026થી પહેલા નક્સલવાદનો નાશ કરવા પ્રતિબદ્ધ છે.

સાથે જ હથિયારો રાખનારા લોકોને અપીલ કરતા શ્રી શાહે કહ્યું, હથિયાર અને હિંસાથી નહીં પણ શાંતિ અને વિકાસથી પરિવર્તન આવી શકે છે.

. . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# PM - MAHARASHTRA-CHHATTISGARH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે મહારાષ્ટ્ર અને છત્તીસગઢની મુલાકાત લેશે. શ્રી મોદી સવારે નવ વાગ્યે મહારાષ્ટ્રના નાગપુર પહોંચશે. તેઓ સ્મૃતિ મંદિરની મુલાકાત લેશે અને ત્યારબાદ દીક્ષા ભૂમિ જશે.

પ્રધાનમંત્રી નાગપુરમાં માધવ નેત્રાલય પ્રીમિયર સેન્ટરનો શિલાન્યાસ કરશે. તેઓ જાહેર સભાને પણ સંબોધિત કરશે. શ્રી મોદી નાગપુરમાં સોલાર ડિફેન્સ એરોસ્પેસ લિમિટેડ ખાતે ડ્રોન માટે લોઇટરિંગ મ્યુનિશન ટેસ્ટિંગ રેન્જ અને રનવે સુવિધાનું ઉદ્ઘાટન પણ કરશે.

ત્યારબાદ પ્રધાનમંત્રી છત્તીસગઢના બિલાસપુર ખાતે ૩૩ હજાર કરોડ રૂપિયાથી વધુના અનેક વિકાસ પ્રોજેક્ટ્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. તેઓ એક જાહેર સભાને પણ સંબોધશે.

. . . . . . . . . . . . . . .

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનાર 'મન કી બાત' કાર્યક્રમમાં  વિવિધ વિષયો ઉપર પોતાના વિચારો રજૂ કરશે. હિન્દીમાં મન કી બાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરવામાં આવશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્રો પરથી મન કી બાત કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.

# GOYAL – UIA

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે કહ્યું, ભારત આજે વિશ્વમાં સૌથી વધુ વિજ્ઞાન, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત - STEM સ્નાતકો ઊભા કરી રહ્યું છે.

નવી દિલ્હીમાં આજે યુનિયન ઇન્ટરનેશનલ ડી એડવોકેટના પૂર્ણ સત્રમાં સંબોધન કરતાં તેમણે ન્યાયિક પ્રણાલીની કાર્યક્ષમતા સુધારવા અને ઝડપી ન્યાય પહોંચાડવામાં ટેકનોલોજીની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.  તેમણે કહ્યું કે, સરકાર પેટન્ટ, કોપીરાઇટ મંજૂરીઓ અને ડિઝાઇન મંજૂરીઓને ઝડપી બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

શ્રી ગોયલે વ્યવસાયમાં વિશ્વાસના મહત્વ અને વૈશ્વિક બજારમાં વિશ્વાસનું સર્જન કરવાના સરકારના પ્રયાસ પર પણ પ્રકાશ પાડ્યો. તેમણે કહ્યું, ભારતમાં સ્થાનિક માંગ અને ઉત્પાદનનું પ્રમાણ તેને વૈશ્વિક બજારમાં સ્પર્ધાત્મક બનાવે છે

. . . . . . . . . . . . . . .

# ISRO

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા- ઇસરોએ પોતાના 300 મિલી ન્યૂટન સ્ટેશનરી પ્લાઝમા થ્રસ્ટર પર એક હજાર કલાકનું જીવન પરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ કરવાની જાહેરાત કરી છે. આ પરીક્ષણમાં ઉપગ્રહોમાં વિદ્યુત ગતિશીલતા પ્રણાલીના એકીકરણને સરળ બનાવશે. આ પરીક્ષણ 5.4 કિલોવૉટના શક્તિસ્તરથી એક કક્ષમાં કરાયું હતું, જે અવકાશની વેક્યૂમ સ્થિતિઓનું અનુકરણ કરે છે.

આ પ્રણાલીને અવકાશ સંસ્થાના ભવિષ્યના ઉપગ્રહોમાં રાસાયણિક ગતિશીલતા પ્રણાલીની જગ્યા લેવા અને સંચાર ઉપગ્રહો માટેનો માર્ગ મોકળો કરશે.

. . . . . . . . . . . . . . .

# WEATHER

ભારતીય હવામાન વિભાગે આજે પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તારો, સિક્કિમ, ગોવા અને મહારાષ્ટ્રમાં અનેક સ્થળે ગાજવીજ સાથે સામાન્યથી મધ્યમ વરસાદની આગાહી કરી છે. અરૂણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં પણ આવું જ વાતાવરણ રહેવાની શક્યતા છે.

ઉપરાંત આગામી બે દિવસ ઉત્તર-પશ્ચિમથી અડીને આવેલા મધ્ય ભારતમાં મહત્તમ તાપમાનમાં બેથી પાંચ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની પણ આગાહી છે. દરમિયાન રાજસ્થાનમાં પૂરઝડપે પવન ફૂંકાવવાની શક્યતા હોવાનું હવામાન વિભાગનાં વૈજ્ઞાનિક સોમા સેને જણાવ્યું હતું.

(બાઈટઃ સોમા સેન, વૈજ્ઞાનિક, ભારતીય હવામાન વિભાગ)

. . . . . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPLની નવમી મેચ આજે ગુજરાત ટાઈટન્સ અને મુંબઈ ઇન્ડિયન્સ વચ્ચે રમાશે. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાનારી આ મેચ સાંજે સાડા સાત વાગ્યે શરૂ થશે. ગુજરાતની ટીમ શુબમન ગિલ અને મુંબઈની ટીમ હાર્દિક પંડ્યાના સુકાની હેઠળ રમશે.

ગઈકાલે ચેન્નઈમાં રૉયલ ચેલેન્જર્સ બેંગ્લુરુએ ચેન્નઈ સુપર કિંગ્સને 50 રનથી હરાવ્યું હતું. પહેલા બેટિંગ કરતા બેંગ્લુરુએ 20 ઑવરમાં સાત વિકેટ ગુમાવી 196 રન બનાવ્યા. જ્યારે ચેન્નઈની ટીમ 20 ઑવરમાં આઠ વિકેટે 146 રન જ બનાવી શકી. મૅચમાં રજત પાટીદારને પ્લેયર ઑફ ધ મૅચ જાહેર કરાયા હતા.

. . . . . . . . . . . . . . . .